

## વર્લ્ડ હેરીટેજ સીટી અંગે હેરીટેજ ટ્રેલને ફ્લેગ ઓફ કરાવતા રાજયપાલશ્રી ઓ.પી. કોહલી

યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજ સિટી જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે અમદાવાદની ઓળખસમા ઐતિહાસીક વારસાની જાણ દેશના સીમાડા ઓળંગી સમગ્ર વિશ્વમાં જાય તે આશયથી 'ટાઈમ્સ પેશન ટ્રેલ'ના શિર્ષક હેઠળ આયોજીત હેરીટેજ ફોટોગ્રાફીના એક કાર્યક્રમમાં રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી ઉપસ્થિત રહ્યા હતા. હેરીટેજ ટ્રેલને ફલેગ ઓફ કરાવતા રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, અમદાવાદનો ઈતિહાસ વૈભવશાળી ઈતિહાસ છે અને આ ઈતિહાસ લોકો સુધી પહોંચવો જોઈએ. અમદાવાદ જે ઐતિહાસિક ધરોહર સાચવીને બેઠુ છે તે સ્થળ અને શિલ્પ સ્થાપત્યોની તસ્વીર જ્યારે લોકો જોશે ત્યારે લોકોને સ્થળની મુલાકાત લેવાનું મન થશે. આ સુંદર અભિગમ પ્રવાસીઓની સંખ્યા વધારશે અને અમદાવાદની હેરીટેજ ઓળખ વિશ્વના લોકો સુધી પહોંચાડશે. વધુમાં તેમણે દેશના વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત થયેલા તસ્વીરકારોને પણ હેરીટેજ ફોટોગ્રાફી ટ્રેલના ભાગ બનવા માટે શુભેચ્છા પાઠવી હતી. બે દિવસ ચાલનાર આ આ ટ્રેલમાં દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલ ૫૦ જેટલા ફોટોગ્રાફરો જોડાશે અને અમદાવાદના વિવિધ ઐતિહાસીક હિન્દુ-મુસ્લીમ સ્થાપત્યો, વાવ તથા પોળ જેવા ૨૦ થી વધુ હેરીટેજ સ્થળની મુલાકાત લઈ તેની તસ્વીરો કચકડે કંડારશે. આ કાર્યક્રમમાં મેયરશ્રી ગૌતમભાઈ શાહ, મુખ્ય સચિવશ્રી જે.એન. સીંઘ, પ્રવાસન વિભાગના અગ્ર સચિવશ્રી એસ.જે. હૈદર, ટાઈમ્સ ગૃપના ડાયરેક્ટર શ્રી સુધા નટરાજન, હેરીટેજના તજજ્ઞ શ્રી દેવાશીષ નાયક તેમજ દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલ તસ્વીરકારો ઉપસ્થિત રહ્યા હતા.

# જીપીએસસી, વર્ગ-૧-૨ની પરીક્ષામાં આહીર સમાજના આઠ ઉમેદવારો પસંદગી પામ્યા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ વર્ગ ૧-૨ની સ્પર્ધાત્મક પરિક્ષામાં આહીર સમાજના કુલ ૮ ઉમેદવારો સિલેકટર થઈને આહીર સમાજનું ગૌરવ વધાર્યુ છે.

જીપીએસસીની ખુબ જ મહેનત અને ધીરજ માંગી લેતી આ પરિક્ષામાં ઝળહળતી સિધ્ધી પ્રાપ્ત કરનાર તમામ ઉમેદવારોને આહીર યુવા અગ્રણી અશ્વિનભાઈ જાટી એ શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તેઓના જણાવ્યા મુજબ છેલ્લા થોડા વર્ષોથી આહીર સમાજના શૈક્ષણિક ક્ષેત્રે ખુબ જ જાગૃતિ આવતા હાલમાં ગાંધીનગર ખાતે વર્ગ ૧-૨ સહિત વિવિધ કેડરોમાં આહીર સમાજના કુલ ૨૦ અધિકારીઓ ગુજરાત રાજયની કચેરીઓમાં ફરજ બજાવે છે.

આ બાબતે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લા-તાલુકા કક્ષાએ આહીર સમાજની સંસ્થાઓ દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાઓના તાલિમ વર્ગો શરુ કરીને યુવા ભાઈ બહેનો માર્ગદર્શન પુરુ પાડીને સતત મોટીવેટ કરવામાં આવે છે. હોશિયાર વિદ્યાર્થીઓને ફોકસ કરીને સમાજના આગેવાનો દ્વારા પ્રોત્સાહન પુરુ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ માં સ્થાપવામાં આવેલ રાજકોટના ક્રિશા ફાઉન્ડેશન દ્વારા ચાલતા વર્ગોમાંથી કલાસ-૩ ના પી.એસ.આઈ. તલાટી, કોન્સ્ટેબલ, તથા જુદીજુદી કલેરીકલ પોસ્ટના ફકત સંસ્થાના ૪૫૭ ઉમેદવારો સિલેકટ થયા છે. રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૪૧૫ થી પણ વધારે સંખ્યામાં આહીર ભાઈ-બહેનો વિવિધ સરકારી નોકરીમાં સિલેકટ થયા છે. જે આહીર સમાજ માટે ગૌરવરૂપ સિધ્ધી છે. ચાલુ વર્ષ ૨૦૧૮ ની જીપીએસસી વર્ગ ૧-૨ ની બેચમાં કુલ ૮ ઉમેદવારો સિલ્કટ થતા આહીર સમાજમાં આનંદની લાગણી જન્મી છે.



જેમાં આહીર સમાજમાં પ્રથમ ડાયરેકટ મહિલા નાયબ કલેકટર તરીકે પસંદગી પામેલા આસ્થા બેન ડાંગર તથા સેકશન ઓફિસર મોનિકાબેન ભેડાએ ગાંધીનગરમાં રહીને પરિક્ષાની તૈયારી કરી હતી.આહીર સમાજના જીપીએસસી કલાસ વન-ટુ ની બેચમાં ઉતિર્ણ થયેલા ઉમેદવારોમાં આસ્થાબેન ડાંગર નાયબ કલેકટર, અભિષેક રણમલ સુવા જીલ્લા રજીસ્ટ્રાર, શૈલેષ વલ્લભભાઈ કલસરીયા મામલતદાર, રાહુલ રાણાભાઈ ખાંભરા મામલતદાર, મોનિકાબેન રાજેશકુમાર ભેડા સેકશન અધિકારી, હરેશ દિનેશભાઈ કાછડ મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, રવિ જગદીશભાઈ ગોધમ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, તરુણાબેન કરશનભાઈ ભુતૈયા આદિજાતિ વિકાસ અધિકારી તરીકે નિમણુંક પામેલ છે.



## ધણપ હત્યા કેસનાં આરોપીઓ ઝડપાયા

ચિલોડા નજીક ધણપ ગામે ખેતરના રસ્તાની બાબતે થયેલ મારામારીમાં એક પડોશી મોતને ભેટ્યો હતો. આ પ્રકરણમાં અશોક હેમતુજી રાણા, લક્ષ્મી અશોક રાણા અને તેમના દિકરા મળીને ત્રણ સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. ચિલોડા પોલીસે ત્રણેયની ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે. ત્રણ પૈકી એક આરોપી સગીર હોવાથી તેને ખાનપુર ખાતે રીમાન્ડ હોમ ખાતે મોકલી દેવાયો છે.

# ગુજરાત પ્રદુષણ નિયંત્રણ કચેરી ખાતે ઉતરસંડાના ગ્રામજનોનો હોબાળો

### બાયોમેડીકલ પ્લાન્ટ બંધ કરાવવા માટે ગ્રામજનોએ જીપીસીબીની વડી કચેરીએ રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગ પ્રદુષણ નિયંત્રણ કચેરી ખાતે આજે બપોરના સુમારે નડીયાદ નજીક આવેલ ઉત્તરસંડામાં આવેલ બાયો મેડીકલ વેસ્ટનો પ્લાન્ટ બંધ કરાવવા માટે ગ્રામજનો મોટીસંખ્યામાં ગાંધીનગર આવી પહોંચ્યા હતા.તેઓએ પ્રદુષણ નિયંત્રણ કચેરી ખાતે પ્લાન્ટ મુદ્દે હોબાળો મચાવી ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુઆત કરી હતી. સ્થાનિક કચેરી ખાતે ગ્રામજનોની વારંવારની રજુઆત છતા પણ યોગ્ય નિર્ણય નહીં આવતા ગ્રામજનોએ ગાંધીનગર સુધી લાબા થવાની ફરજ પડી હતી. જયારે ગ્રામજનોમાં બાયો હેઝાર્ડ અંગે રોષ ભભુકી ઉઠ્યો છે. આ અંગે સત્વરે યોગ્ય નિર્ણય નહીં આવે તો ગ્રામજનોએ ઉગ્ર આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી છે.

નડીયાદ નજીક આવેલ ઉતરસંડા પાપડ, ચોળાફળી, મઠીયા, સહિતની ખાદ્ય ચીજવસ્તુ માટે ગુજરાત તેમજ ભારતમાં પણ જાણીતું છે. ઉતરસંડામાં ઘરેઘરે ગૃહ ઉદ્યોગ ચાલે છે. તેમજ અહીંની ચીજવસ્તુ વિદેશમાં પણ મોકલવામાં આવે છે. ત્યારે ઉતરસંડામાં બાયોમેડીકલ વેસ્ટના પ્લાન્ટને પગલે ગામમાં અતિશય દુર્ગંધ મારે છે. અહીંથી પસાર થતા નાગરીકોને પણ માથુ દુખે તેટલી ગંધ મારે છે તો ગ્રામજનોની કેવી સ્થિતિ હશે. ગ્રામજનોને ગામમાં રહેવું પણ પ્લાન્ટને પગલે મુશ્કેલ બન્યું છે. ત્યારે પ્લાન્ટ બંધ કરાવવા ગ્રામજનો મેદાને પડ્યા છે. વિવિધ સ્થાનિક કક્ષાએ રજુઆત કરી છે છતા પ્લાન્ટ બંધ ન થતા નાગરીકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આજે ઉતરસંડાથી ગ્રામજનો ગુજરાત પ્રદુષણ નિયંત્રણ કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. અને કચેરી ખાતે ભારે હોબાળો મચાવ્યો હતો જેને પગલે કચેરીના કર્મચારી-અધિકારીઓ પણ બહાર દોડી આવ્યા હતા અને મામલો થાળે પાડવા પ્રયત્નો શરુ કર્યો હતા. જયારે ગ્રામજનોનું કહેવુ હતું કે જીપીસીબીની સ્થાનિક કચેરી ખાતે લેખિત તેમજ મૌખિક રજુઆતો અનેકવાર કર્યા છતા પણ યોગ્ય નિર્ણય ન આવતા ગાંધીનગર સુધી આવવું પડ્યું હતું. જીપીસીબીના ઉચ્ચ અધિકારીઓને મળીને ગ્રામજનોએ પ્લાન્ટ બંધ કરાવવા મુદ્દે રજુઆત કરી હતી.ત્યારબાદ ભારે સમજાવટ બાદ ગ્રામજનો પરત ઘરે જવા રવાના થયા હતા.



# હડમતીયા રોડ પર વૃદ્ધાને લાફા મારીને દોરાની તફડંચી

### મંદિરે દર્શન કરીને ઘરે જતા ૬૬ વર્ષિય વૃદ્ધાને બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે નિશાન બનાવ્યા : લુંટારૂઓ પળવારમાં રફફુચક્કર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની પાસે આવેલા સરગાસણના હડમતીયા રોડ ઉપરથી ગઈ સાંજે ૬૬ વર્ષિય વૃદ્ધા હનુમાનજી મંદિરે દર્શન કરીને ઘર તરફ ચાલતા જઈ રહ્યા હતા ત્યારે વૃદ્ધાને નિશાન બનાવી લાફા મારીને ચેઈન સ્નેચર્સે દોરો લુંટીને ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. બાઈક પર ડબલ સવારી આવેલા બે શખ્સો રૂ. ૨૫ હજારનો સોનાનો દોરો લુંટી ફરાર થઈ ગયા હતા. આ મામલે વૃદ્ધાની ફરિયાદ આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

મળતી વિગત મુજબ હડમતીયા વાસણા રોડ ઉપર આવેલી પ્રાર્થના ગ્રીન્સ સોસાયટીમાં મકાન નં. બી-૩૦૪માં રહેતા ૬૬ વર્ષિય વૃદ્ધા રેખાબેન અરૂણકુમાર ગાંધી ગઈ સાંજે હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતા. મંદિરેથી ઘરે પરત ચાલતા જઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક શખ્સ તેમની પાસે આવ્યો અને ગળામાંથી સોનાનો દોરો ખેંચ્યો હતો. રેખાબેને દોરો આગળથી પકડી લેતા તે શખ્સે વૃદ્ધાને ત્રણ-ચાર લાફા ઝીંકી દીધા હતા અને રૂ. ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરો લુંટી લીધો હતો. સામે ઉભેલા બાઈક ચાલકને લુંટારૂથી બચાવવા રેખાબેને બુમો પાડી પરંતુ તે બચાવવા આવ્યો જ નહી. દોરો લુંટીને ચેઈન સ્નેચર તે જ બાઈક પાછળ બેસીની રફુચક્કર થઈ ગયો હતો. લુંટ મામલે સે. ૭ પોલીસ સ્ટેશનમાં વૃદ્ધાએ ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

# ગૂંજ ફાઉન્ડેશન એપ્રિલમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના ગૃપ 'ગૂંજ ફાઉન્ડેશન' દ્વારા છેલ્લાં બે વર્ષથી 'બ્લડ બેંક ઓન વ્હોટ્સઅપ' પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૮૦૦ જેટલી રક્ત બોટલોની જરૂરિયાતને સંતોષવામાં આવી છે. આગામી તા. ૧૮મી એપ્રિલે આ પ્રોજેક્ટને બે વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે તે પ્રસંગે ગૂંજ ફાઉન્ડેશન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫૧ રક્ત યુનિટ્સ એકત્ર કરવાનો લક્ષ્યાંક રખાયો છે. આ તમામ રક્ત ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના સહયોગથી જરૂરિયાતમંદને પુરૂ પાડવામાં આવશે. ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આ મેગા બ્લડ ડોનેશન કેમ્પ માટે દાતાઓ દ્વારા આર્થિક સહયોગ અથવા સ્પોન્સરશીપ માટે મોબાઈલ નં. ૯૫૭૪૫૬૭૦૪૧ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતના ચૂંટણી અધિકારી તરીકે ડૉ. એસ. મુરલીક્રિષ્ના નિમાયા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે ભારતના ચૂંટણી પંચે એસ. મુરલીક્રિષ્નાની નિમણૂકના હુકમો કર્યા છે.

રાજ્યના વર્તમાન નિર્વાચન અધિકારી શ્રી બી. બી. સ્વૈન કેન્દ્ર સરકારમાં નિમણૂક પામતા ખાલી પડેલ જગ્યામાં કૃષિ વિભાગના સચિવ ડૉ. એસ. મુરલીક્રિષ્નન નિમાયા છે.

# નર્મદા પ્રોજેક્ટ : અંતે ૧૧૩૧ કરોડની વધારાની ગ્રાન્ટ મંજુર

### નર્મદા પ્રોજેક્ટને પરિપૂર્ણ કરવા કેન્દ્ર સરકાર તમામ રીતે સહાયતા કરી રહી છે : નિતિન પટેલ દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર/નવી દિલ્હી,તા. ૧૭

ભારત સરકારે ગુજરાતના સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટ માટે ૧૧૩૧ કરોડની વધારાની ગ્રાન્ટને આજે લીલીઝંડી આપી હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે કહ્યું છે કે, એઆઈબીપી અને સીએડીડબ્લયુએમ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને ૯૭૦ કરોડની ગ્રાન્ટ આપી છે. આ વર્ષે ૧૬મી માર્ચના દિવસે કેન્દ્ર સરકારે નર્મદા પ્રોજેક્ટ માટે વધારાની ૧૧૩૧ કરોડના ગ્રાન્ટ ફાળવી દીધી છે. નિતિન પટેલે કહ્યું છે કે, નર્મદા પ્રોજેક્ટ ૨૦૧૯માં પૂર્ણ કરવામાં આવશે. તેમણે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર તમામ રીતે નર્મદા પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ગુજરાતને મદદ કરવા માટે કટિબદ્ધ છે. હાલમાં જ નર્મદા વિભાગ ઉપર માંગણી અંગે વાત કરતા નિતિન પટેલે ગૃહમાં ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર ૨૦૧૯ સુધી નર્મદા કેનાલના બાક રહી ગયેલા કામોને પરિપૂર્ણ કરી દેવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં નિતિન પટેલે આ મુજબની વાત કરી હતી. નર્મદા વિભાગ ઉપર ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યએ માહિતી મેળવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પહેલા ભાજપ સરકારે ખેડુતોને ઘણા બધા વચનો આપ્યા હતા. ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ ખેડુતોને પાણી પર મળી રહ્યું નથી. ગુજરાતમા ૬૦ વર્ષમાં પ્રથમ વખત આ બાબત બની રહી છે. નર્મદા પાણી સાથે બંધને ભરવા ૬૬૭૧ કરોડની જંગી રકમ હોવા છતાં ભાજપ સરકાર પાણીનો બગાડ કરી રહી છે. સાબરમતી રિવરફ્રન્ટથી સીપ્લેન ઉડાવવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ પાણીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી.



શહેરના સેકટર-૨૭ ખાતે આવેલ આનંદનગર વસાહત મહિલા મંડળ દ્વારા તાજેતરમાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન મુકિતધામની મુલાકાત લીધી હતી. મુકિતધામના કુદરતી વાતાવરણમાં મહિલા મંડળ દ્વારા ભજન કિર્તન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સૌ મહિલાઓ તેમજ મુકિતધામના સ્ટાફના કર્મચારીઓને દાબેલીનો નાસ્તો કર્યો હતો. જયારે મંડળ દ્વારા ૫ બોરી પક્ષી ચણનું દાન કરવામાં આવ્યું હતું.

# સઘન મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત કામગીરી

ગાંધીનગર, તા. ૧૭

સાર્વત્રીક રસીકરણ સુદઢ કરવા બાબત ગાંધીનગર કોર્પોરેશન હેઠળ આવેલ તમામ વિસ્તારમાં જ્યાં અરક્ષિત સગર્ભા અને ૦ થી ૨ વર્ષના અરક્ષિત બાળકોને રસીકરણથી રક્ષિત કરવાના થાય છે. જે અંતર્ગત તા. ૨૪-૨-૧૮ થી ૭-૩-૧૮ સુધી તમામ વિસ્તારનો સર્વે કરીને અરક્ષિતની યાદી તૈયાર કરવામાં આવેલ હતી. જે અંતર્ગત તા. ૧૯-૩-૧૮ થી તા. ૨૪-૩-૧૮ સુધી ૨૫ સેશન અને ૪ મોબાઈલ ટીમ દ્વારા ૩૨ અરક્ષિત સગર્ભા અને ૧૫૨ અરક્ષિત બાળકોને રક્ષિત કરવાના થાય છે. આ સમગ્ર અભિયાન દરમ્યાન ગાંધીનગર કોર્પોરેશન કક્ષાએથી ઘનિષ્ઠ અને સપોર્ટીવ સુપરવિઝન અને મોનીટરીંગ કરશે અને કોઈપણ સગર્ભા કે બાળક રસીકરણથી અરક્ષિત ન રહે એવું મેડીકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવેલ છે.



ગાંધીનગરના મહાકાલ ગ્રુપના યુવાનો આકાશસિંહ ભાટી, ક્રિષ્ના પટેલ અને રાજન આચાર્ય દ્વારા તાજેતરમાં સે-૧૬ની સેવા વસ્તીમાં જરૂરિયાતમંદ વર્ગના પરિવારોના બાળકો તથા વડીલો માટે કપડાં વિતરણનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૭

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળાના સૌજન્યથી આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન દિવ્યાબેન અરોરા (નેશનલ ડાયરેકટર એએફએસ ઈન્ટરકલ્ચરલ પ્રોગ્રામ), અતિથિ વિશેષ ગાર્ગીબેન રાજપરા (ઈન્ચાર્જ ડાયરેકટર કડી સર્વ વિશ્વ વિદ્યાલય), ડૉ. વીણાબેન, કૌશલ્યાબેન, સર્વે આચાર્ય બહેનો અને શિક્ષિકા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી આર.જી. કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક વિભાગની તમામ શિક્ષિકા બહેનોએ વિવિધ રમતોની હરિફાઈમાં ભાગ લીધો હતો. આ સિવાય ગ્રુપ ડાન્સ પણ રજુ કરાયો હતો. જેમને એક દિકરી અને માત્ર બે દિકરી હોય તેવા સ્ટાફના શિક્ષકોના માતા અથવા સાસુનું સન્માન કરી દિકરીના જન્મનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

## સ્ટેટ ટાઈકવોન્ડો ચેમ્પિયનશીપમાં દિયા પટેલને કાંસ્ય ચંદ્રક

અમદાવાદના ખોખરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે તા. ૧૧-૩-૨૦૧૮ના રોજ ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ ૨૭મી સ્ટેટ ટાઈકવોન્ડો ચેમ્પિયનશીપમાં અમદાવાદની ચોથા ધોરણમાં અભ્યાસ કરતી દિયા પટેલે ૨૭ થી ૨૯ કિ.ગ્રા. વેઈટ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. કોચ રાજેશભાઈ ચાવડા સહિત તેના પરિવારજનોએ દિયાને અભિનંદન પાઠવ્યા હતા.

**ઈ-ટેન્ડર ટુંકી જાહેર નિવિદા નં.૧૧ સને ૨૦૧૭-૨૦૧૮**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત હંગામી વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૪, ગાંધીનગર દ્વારા હંગામી વિજળીકરણના કુલ ૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૧,૦૨,૫૭૮.૯૩ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકાદારો પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૯/૩/૨૦૧૮ થી ૨૩/૩/૨૦૧૮ ૧૨.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૨૯૬૮/૧૭-૧૮

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું નામ નિકિતા જયંતિભાઈ વાઘેલા, લગ્ન બાદ નિકિતા નિખિલ વાઘેલા કુલકર્ણી. સરનામું : ડી-૪૦૩, મારૂતિ મેગ્નમ એપાર્ટમેન્ટ, રાંદેસણ-ગાંધીનગર રજીસ્ટર્ડ કરાવેલ છે.

**ભાડે આપવા**

સેક્ટર-૨૫, જી.આઈ.ડી.સી.માં ૨૦૦૦ મીટરનો બાંધકામ સહિતનો પ્લોટ ભાડે આપવાનો છે

મો. ૯૮૭૯૪૭૬૪૪૨